
પંચકર્મ -અગ્નિકર્મ -વેધનકર્મ-મર્મ્રહ: (પીડન) ચિકિત્સા
સંધિવાત - પેરાલીસીસ - કેન્સર - ડાયાબીટીસ - કિડની હોસ્પિટલ
વૈદ્યરત્નમ્ સંદિપ પટેલ ॥ આયુર્વેદા વૈદ્યશાલા ॥
નિરામય આયુર્વેદિક હોસ્પીટલ
www.niramayayurveda.com
રી-સર્ચ ફોર આયુર્વેદા
આયુર્વેદ ઔષધ-પંચકર્મ દ્વારા શકિતશાળી ઈમ્યુન સીસ્ટમ જે
કેન્સર (કર્કટાર્બુદ)
CKD (કિડનીના રોગો) અને
કાર્ડીયાક (હૃદયરોગો)
સામે દર્દીઓના સ્વાસ્થયનું રક્ષણ કરે છે....
સુરત 'પ્રતિક હાઉસ', ૧/૯૩૪, અડાગરા સ્ટ્રીટ, અથુગરા સ્ટ્રીટ રોડ, ખુરશેદ બેકરી સામે, નાનપુરા, સુરત. Ph.: (0261) 2470875, Mo.: 75748 61856
બારડોલી અસ્તાન જીન કમ્પાઉન્ડ, સુગર ફેક્ટરી-અસ્તાન રોડ, બારડોલી. Mo. 75748 61853

# ગુજરાતમિત્ર

તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

સંવર્ધક તંત્રી : સ્વ. પ્રવીણકાન્ત ઉત્તમરામ રેશમવાળા
તંત્રી: મુદ્રક : પ્રકાશક : ભરત પ્રવીણકાન્ત રેશમવાળા

શું આપની ટાંકી ઉભરાય છે?
શું આપની ટાંકી ખાલી થઈ જાય છે?



ઓટોમેટીક સ્વીચ લગાવો જે મોટર ને ઓટોમેટીક ચાલુ-બંધ કરે છે.
અમર ઈલેક્ટ્રોનીક કન્ટ્રોલ્સ
૫, દરીયા મહેલ એપાર્ટમેન્ટ, સુરત મહાનગરપાલિકા સામે, મુગલીસરા,સુરત.
ફોન : 2429322 મો : 9824059872

માલિક: ગુજરાતમિત્ર પ્રા.લિ. પ્રકાશન સ્થાન: ગુજરાત સ્ટાન્ડર્ડ પ્રેસ, ગુજરાતમિત્ર ભવન, સોની ફળિયા, સુરત-૩૯૫૦૦૩ I e-mail:mitra@gujaratmitra.in | ટે.નં.: જા.ખ. વિભાગ: ૨૫૯૯૯૯૧, ફેક્સ: ૨૫૯૯૯૯૦, વ્યવસ્થા, તંત્રી વિભાગ: ૨૫૯૯૯૯૨/૩/૪

GUJARATMITRA AND GUJARATDARPAN
Regd.No. SRT-006/2024-26 ★ RNI No.1597/57

વર્ષ: ૧૬૩ * * * સંવત ૨૦૮૨ અષાઢ સુદ નોમ બુધવાર ૨૨ જુલાઇ, ૨૦૨૬ * * * દૈનિક : ૮૯ - અંક : ૨૩૦

પાનાં ૧૦+૧૬ કિંમત ₹ ૫.૦૦


# PM આવાસ સામે ધરણા: રાહુલને પોલીસ ઉંચકી ગઈ

**સીજેપીની** કૂચ દરમ્યાન વિદ્યાર્થીઓ પર પોલીસ દમનના વિરોધમાં રાહુલ ગાંધી સહિત વિપક્ષી નેતાઓએ વડાપ્રધાન આવાસ નજીક ધરણા કરતા દોડધામ મચી ગઇ

**ભારે** નાટ્યાત્મક દ્રશ્યો સર્જાયા, રાહુલ, પ્રિયંકા અને અખિલેશ યાદવની અટકાયત

**નવી દિલ્હી, તા. 21:** એક નાટ્યાત્મક ઘટનાક્રમમાં, કોંગ્રેસના રાહુલ ગાંધી અને પ્રિયંકા ગાંધી વાડ્રા તેમજ સમાજવાદી પાર્ટી(સપા)ના અખિલેશ યાદવ સહિતના વિપક્ષી નેતાઓને મંગળવારે વડાપ્રધાન નરેન્દ્ર મોદીના રાજીનામાની માંગ સાથે તેમના નિવાસસ્થાન બહાર ધરણાં પ્રદર્શન કર્યા બાદ પોલીસે બળપૂર્વક હટાવી દીધા હતા. અતિ-સુરક્ષિત વિસ્તારમાં અચાનક યોજાયેલા આ ધરણાંથી સરકાર દોડધામમાં મુકાઈ ગઈ હતી. પરિણામે, સરકારને વિપક્ષી નેતાઓને આ સંવેદનશીલ સ્થળ ખાલી કરવા માટે મનાવવા વડાપ્રધાન કાર્યાલયના રાજ્યમંત્રી જિતેન્દ્ર સિંહ અને કેન્દ્રીય ગૃહ સચિવ

...અનુસંધાન પાના 9 પર



## રાહુલ ગાંધી જમીન પર સૂઇ ગયા: ધરણાના સ્થળે નાટ્યાત્મક દ્રશ્યો

પોલીસે કાર્યવાહી હાથ ધરતા જ લોકસભાના વિરોધ પક્ષના નેતા રાહુલ ગાંધી જમીન પર સૂઈ ગયા હતા અને સુરક્ષાકર્મીઓ જ્યારે તેમને ઉપાડવાનો પ્રયાસ કરી રહ્યા હતા ત્યારે તેમણે વિરોધ કર્યો હતો. આ પ્રક્રિયા દરમિયાન કોંગ્રેસ નેતાને ઈજા પહોંચી હતી. કોંગ્રેસના પૂર્વ અધ્યક્ષના એક સહયોગી અનુસાર, રાહુલ ગાંધીને આંખની નીચે તેમજ હાથ અને પગ પર નાની-મોટી ઈજાઓ થઈ હતી. એક અહેવાલ અનુસાર તેમની નાકમાંથી લોહી નીકળી રહ્યું હતું. પાછળથી, રાહુલ ગાંધીએ X પર પોલીસ દ્વારા તેમને પ્રદર્શન સ્થળ પરથી હટાવવાની તસવીરો શેર કરી અને કહ્યું, મોદીજી, ગમે તેટલું દબાણ કરી લો, તમારી પૂરી તાકાત લગાવી દો -- વિદ્યાર્થીઓ માટે ન્યાયની આ લડાઈ હવે અટકશે નહીં. પોલીસ બસ ચાલુ થઈ ગયા પછી પણ પ્રિયંકા ગાંધી તેના દરવાજા પર લટકી રહ્યા હોવાના નાટ્યાત્મક દ્રશ્યો સર્જાયા હતા.

**પોલીસે બળપ્રયોગ કરીને ખસેડ્યા, રાહુલને ઇજાઓ થઇ**

**પ્રિયંકા ગાંધી પોલીસ બસના દરવાજા પર લટકી રહ્યા**

### સરકારે રાહુલને કહ્યું કે તે નીટ પર સંસદમાં ચર્ચા માટે તૈયાર છે

**નવી દિલ્હી, તા. 21 (PTI).** સરકારે મંગળવારે જણાવ્યું હતું કે, તે નીટ પરીક્ષા અને તેની સાથે જોડાયેલા આંદોલનને લગતા તમામ મુદ્દાઓ પર સંસદમાં ચર્ચા કરવા માટે તૈયાર છે, જ્યારે લોકસભામાં વિપક્ષના નેતા રાહુલ ગાંધી વડા પ્રધાન નરેન્દ્ર મોદીના નિવાસસ્થાન બહાર ધરણા પર બેઠા હતા. એક કડક શબ્દોવાળા નિવેદનમાં પીએમઓમાં રાજ્ય મંત્રી જિતેન્દ્ર સિંહ, જેમણે કેન્દ્રીય ગૃહ સચિવ ગોવિંદ મોહન સાથે રાહુલ ગાંધીને મળીને તેમના ધરણા સમાપ્ત કરવા વિનંતી કરી હતી, સિંહે આક્ષેપ કર્યો હતો કે, વિપક્ષના નેતા ચર્ચા માટેની તેમની

...અનુસંધાન પાના 9 પર

### કોંગ્રેસે આવા ધરણા કરીને ખોટો દાખલો બેસાડ્યો: સરકારી સૂત્રો

**નવી દિલ્હી, તા. 21:** સરકારી સૂત્રોએ મંગળવારે કોંગ્રેસની તીવ્ર ટીકા કરી હતી, જ્યારે રાહુલ ગાંધી અને પ્રિયંકા ગાંધી વાડ્રા સહિતના વરિષ્ઠ પક્ષના નેતાઓએ નવી દિલ્હીમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીના સત્તાવાર નિવાસસ્થાન બહાર વિરોધ પ્રદર્શન કર્યું હતું. સરકારે આ પ્રદર્શનને સુરક્ષા માટે ગંભીર ચિંતા ગણાવ્યું હતું અને વિપક્ષ પર "ખોટો અને ખતરનાક ચીલો ચિતરવાનો" આરોપ લગાવ્યો હતો. સૂત્રોએ જણાવ્યું હતું કે રાજકીય નેતાઓના નિવાસસ્થાનોને નિશાન બનાવીને કરવામાં આવતા વિરોધ પ્રદર્શનો "પરિપક્વ લોકશાહીમાં જોવા મળતા

...અનુસંધાન પાના 9 પર



### પ્રિયંકાને મળવા સોનિયા પોલીસ સ્ટેશને ગયા

રાહુલ ગાંધીને અટકાયત કરીને છત્રસાલ સ્ટેડિયમ ખાતે લઇ જવાયા હતા, જ્યારે તેમના બહેન પ્રિયંકા તથા કોંગ્રેસના કેટલાક નેતાઓને મંદિર માર્ગ પોલીસ સ્ટેશન લઇ જવાયા હતા. રાત્રે નવેક વાગ્યે સોનિયા ગાંધી પણ તેમના પુત્રીને જ્યાં અટકાયતમાં રખાયા હતા તે મંદિર માર્ગ પોલીસ સ્ટેશન આવી પહોંચ્યા હતા. બીજી બાજુ, પોતાના નેતાઓની અટકાયતનો વિરોધ કરતા કોંગ્રેસ અને સપાના કાર્યકરોની પણ પોલીસે અટકાયત કરી હતી. દિલ્હીમાં વડાપ્રધાન નિવાસસ્થાન બહાર વિપક્ષી નેતાઓના પ્રદર્શન દરમિયાન ભારે નાટ્યાત્મક દ્રશ્યો સર્જાયા હતા. ૩ કલાક ચાલેલા આ ધરણાં દરમિયાન સરકારે બે વાર રાહુલ ગાંધી સાથે વાટાઘાટો કરવાનો પ્રયાસ કર્યો હતો, પરંતુ તેઓ પોતાની માંગ પર અડગ રહ્યા હતા. ત્યારબાદ ૧૦૦થી વધુ પોલીસકર્મીઓ ઘટનાસ્થળે પહોંચતા કોંગ્રેસ કાર્યકરોએ કૌશલ્યપૂર્વક રાહુલ ગાંધીની

...અનુસંધાન પાના 9 પર



## દિલ્હી ડાયરી



### શિંદે સેનાનું ઓપરેશન-લાંબી યોજનાનું પરિણામ

ઉદ્ધવ ઠાકરે જૂથના છ શિવસેના સાંસદોને નાયબ મુખ્યમંત્રી એકનાથ શિંદેના પક્ષમાં લાવવાનું આ 'ઓપરેશન' છ મહિના લાંબી યોજનાનું પરિણામ હતું. આ સમગ્ર ઘટનાક્રમ ત્યારે પૂર્ણ થયો જ્યારે આ છ સાંસદોને પુણે, નાંદેડ અને મુંબઈથી ચાર્ટર્ડ પ્લેન દ્વારા દિલ્હી લાવવામાં આવ્યા અને તેઓ ફાઇવ-સ્ટાર હોટેલ 'લીલા પેલેસ'માં રોકાયા. આ સમગ્ર ઓપરેશનમાં સૌથી રસપ્રદ વ્યક્તિ અભિષેક વર્મા રહ્યા, જેઓ સત્તાધારી એનડીએ ગઠબંધન અને શિંદે સેનાના ચૂંટણી માટેના મુખ્ય રાષ્ટ્રીય સંયોજક છે. શસ્ત્ર વ્યવસાયી એવા વર્મા ગયા વર્ષે જ પક્ષમાં જોડાયા હતા. તેમના પર રૂ. 18,798 કરોડના સ્કોર્પીન સબમરીન સોદામાં વચેટિયા હોવાનો અને નેવલ વોર રૂમ લીક કેસમાં તપાસનો સામનો

...અનુસંધાન પાના 9 પર

## NEET વિવાદ, CJP પ્રદર્શન અને અયોધ્યા મુદ્દે સંસદમાં ભારે હંગામો

**લોકસભા** અને રાજ્યસભામાં વિપક્ષી સભ્યોએ વિદ્યાર્થીઓ પર પોલીસ દમનનો મુદ્દો ઉપાડ્યો

**બંને ગૃહો** વારંવારની સભામોકૂફીઓ પછી દિવસભર માટે મોકૂફ રાખી દેવાયા, ચોમાસુ સત્રના બીજા દિવસે પણ કોઈ કામકાજ ન થઈ શક્યું

**નવી દિલ્હી, તા. 21 (PTI):** NEET પેપર લીક, CJP વિરોધ પ્રદર્શન અને અયોધ્યાના રામ મંદિરમાં દાનની કથિત ચોરી અંગે ચર્ચાની માંગ સાથે વિપક્ષી સભ્યોએ કરેલા હંગામાને કારણે મંગળવારે પણ સતત બીજા દિવસે લોકસભાની કામગીરી ખોરવાઈ ગઈ હતી.

બે વારના સતત વિક્ષેપ બાદ ગૃહને દિવસભર માટે મુલતવી રાખવામાં આવ્યું હતું. સવારે 11 વાગ્યે જેવી ગૃહની કાર્યવાહી શરૂ થઈ અને પહેલો પ્રશ્ન હાથ ધરવામાં આવ્યો, કે તરત જ વિપક્ષી સભ્યોએ NEET પેપર લીક અને વિરોધ કરી રહેલા વિદ્યાર્થીઓ પર પોલીસના લાઠીચાર્જ અંગે સૂત્રોચ્ચાર શરૂ કરી દીધા હતા. લોકસભા સ્પીકર ઓમ બિરલાએ સભ્યોને આશ્વાસન આપ્યું હતું કે તેમને નિયમો મુજબ પોતાના મુદ્દા ઉઠાવવાની તક મળશે. જો કે, જ્યારે વિરોધ કરી રહેલા સભ્યો શાંત ન થયા, ત્યારે બિરલાએ ગૃહની કાર્યવાહી મુલતવી રાખી હતી. ત્યારબાદ બપોરે 12 વાગ્યે જેવી ગૃહની કાર્યવાહી ફરી શરૂ થઈ, વિપક્ષી સભ્યોએ ફરીથી સૂત્રોચ્ચાર કરવાનું શરૂ કરી દીધું હતું. આ હોબાળા વચ્ચે જ મંત્રીઓએ સંસદીય દસ્તાવેજો રજૂ કર્યા હતા. ઘોંઘાટ ચાલુ જ રહેતા ગૃહની કાર્યવાહી બપોરે 2 વાગ્યા સુધી મુલતવી રાખવામાં આવી હતી. બપોરે 2 વાગ્યે જ્યારે ગૃહ ફરી મળ્યું, ત્યારે પણ વિપક્ષનો વિરોધ અને સૂત્રોચ્ચાર ચાલુ રહ્યા હતા. છેવટે ગૃહની કાર્યવાહી દિવસભર માટે મોકૂફ રાખી દેવાઈ હતી. રાજ્યસભા પણ આજે સતત બીજા દિવસે દિવસભર માટે મોકૂફ રહી હતી. અહીં પણ

...અનુસંધાન પાના 9 પર

યુવાનોના ભાવિ સાથે કોઇને રમવા નહીં દેવાય

## મોદીએ કહ્યું: નીટ પેપર લીક ઘોર પાપ

**એનડીએ** સંસદીય પક્ષની બેઠકને સંબોધન કરતા મોદીએ કહ્યું કે યુવાનોનો વિશ્વાસ જીતવો જરૂરી છે, દોષિતો સામે સખત કાર્યવાહી

**નવી દિલ્હી, તા. 21 (PTI):** દિલ્હીના હૃદયસમા વિસ્તારમાં પ્રદર્શનકારીઓએ ઉગ્ર પ્રદર્શનો કર્યા બાદ, નીટ પરીક્ષાની અનિયમિતતાઓ પર પોતાની પ્રથમ પ્રતિક્રિયા આપતા વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ મંગળવારે સ્પષ્ટ કર્યું હતું કે પેપર લીકના ઘોર પાપમાં સંકળાયેલા લોકો સામે સખત કાર્યવાહી કરવામાં આવી છે, જેથી કોઈ પણ યુવાનોના ભવિષ્ય સાથે રમત રમી ન શકે.



મોદીએ જણાવ્યું હતું કે આ મુદ્દે તમામ રાજ્ય સરકારો અને કેન્દ્ર સરકારે એકજૂથ થવું પડશે, કારણ કે આ કોઈ રાજકીય પક્ષનો વિષય નથી પરંતુ રાષ્ટ્રીય હિતની બાબત છે. તેમણે NDAના સાંસદોને પણ કહ્યું કે તેઓ લોકો સાથે "હૂંફ અને સ્નેહ"થી જોડાયેલા રહે અને "યુવાનોનો વિશ્વાસ" જીતવો જરૂરી છે. NEET વિવાદ મુદ્દે શિક્ષણ મંત્રી ધર્મેન્દ્ર પ્રધાનના રાજીનામાની માંગ સાથે ચોમાસુ સત્રના પ્રથમ દિવસે 'કોકરોચ જનતા પાર્ટી' (CJP) દ્વારા સંસદ માર્ચનું આહ્વાન કરવામાં આવ્યું હતું. સોમવારે હજારોની સંખ્યામાં એકઠા થયેલા દેખાવકારોને લાઠીચાર્જ અને ટીયર ગેસના શેલ છોડીને પાછળ ધકેલી દેવાયા હતા. ત્યારબાદ વડાપ્રધાનની આ ટિપ્પણીઓને યુવાનોનો અસંતોષ શાંત કરવાના પ્રયાસ તરીકે જોવામાં આવી રહી છે.

'મંગલ મિલન' નામથી યોજાયેલી NDA સંસદીય દળની બેઠક (જે સામાન્ય રીતે મંગળવારે યોજાય છે) પછી પત્રકારોને માહિતી આપતાં કેન્દ્રીય સંસદીય કાર્ય મંત્રી કિરેન રિજિજુએ જણાવ્યું હતું કે, વડાપ્રધાને

...અનુસંધાન પાના 9 પર

## સોનમ વાંગચુકને મેદાન્તા હોસ્પિટલમાં ખસેડવાની દિલ્હી હાઈકોર્ટની મંજૂરી

**અદાલતે** કહ્યું કે મેદાન્તાના ડોક્ટરો સ્વીકૃત તબીબી ધોરણો મુજબ સારવાર આપશે જે સોનમ વાંગચુકે લેવી પડશે

**નવી દિલ્હી, તા. 21 (PTI):** દિલ્હી હાઈકોર્ટે મંગળવારે કથિત પરીક્ષામાં ગડબડી વિરુદ્ધ ૨૮ જૂનથી અનિશ્ચિત મુદતના ઉપવાસ પર ઉતરેલા ચળવળકાર સોનમ વાંગચુકને અહીંની સફદરજંગ હોસ્પિટલમાંથી તાત્કાલિક ગુરુગ્રામની મેદાંતા હોસ્પિટલમાં ખસેડવાનો આદેશ આપ્યો છે.

મુખ્ય ન્યાયાધીશ ડી. કે. ઉપાધ્યાય અને ન્યાયમૂર્તિ તેજસ કારિયાની ખંડપીઠે કાર્યકર્તાના પત્ની ગીતાંજલિ અંગમોની અપીલ પર આ આદેશ આપ્યો હતો. ગીતાંજલિએ હાઈકોર્ટના સિંગલ જજના સરકારી હોસ્પિટલમાં ચાલી રહેલી

...અનુસંધાન પાના 9 પર

### વાંગચુકને મેદાન્તા હોસ્પિટલમાં ખસેડાયા

**નવી દિલ્હી.** દિલ્હી હાઈકોર્ટના આદેશનું પાલન કરીને સક્રિય કાર્યકર સોનમ વાંગચુકને મંગળવારે સાંજે સફદરજંગ હોસ્પિટલમાંથી રજા આપવામાં આવી હતી અને વધુ સારવાર માટે ગુરુગ્રામની મેદાંતા હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા, તેમ અધિકારીઓએ જણાવ્યું હતું. હોસ્પિટલના એક અધિકારીએ

...અનુસંધાન પાના 9 પર

## સરકારે અમારો સમય બગાડયો: દીપ્કે

**મંત્રણાના** બહાને સીજેપીની ટીમને પાંચ કલાક બેસાડી રાખી, આખી યોજના ટીમને વિખેરી નાખવાની હતી

**નવી દિલ્હી, તા. ૨૧ (PTI):** કૉકરોચ જનતા પાર્ટી(CJP)ના સ્થાપક અભિજીત દીપ્કેએ મંગળવારે સરકારની તેમના સંગઠન સાથે વાટાઘાટો શરૂ કરવા પાછળના હેતુ સામે સવાલો ઉઠાવ્યા હતા. તેમણે કહ્યું કે, સરકાર એક તરફ CJP સાથે સંવાદ કરી રહી છે અને બીજી તરફ પ્રદર્શનકારીઓ પર પોલીસ કાર્યવાહી કરી રહી છે. સરકારે અમારો સમય બગાડ્યો. તેમણે અમારા પ્રતિનિધિમંડળને આમંત્રિત કર્યું અને તેમના મોબાઈલ જપ્ત કરી લીધા. આશુતોષ રાંકા અને સૌરવ દાસ એક રીતે જે. પી. નડ્ડાના નિવાસસ્થાને



નજરકેદ જેવા હતા, નીટ પેપર લીક મુદ્દે જંતર-મંતર ખાતે ૩૨મા દિવસે પ્રવેશેલા વિરોધ પ્રદર્શન દરમિયાન સમર્થકોને સંબોધતા દીપ્કેએ કહ્યું. તેમણે આરોપ લગાવ્યો કે, આખી યોજના ટીમને વિખેરી નાખવાની હતી, જેથી જ્યારે અરાજકતા સર્જાય ત્યારે ત્યાં કોઈ હાજર ન હોય. એટલા માટે જ તેમણે તેમને પાંચ કલાક બેસાડી રાખ્યા અને અમારો સમય બગાડ્યો. તમે એક તરફ વાતચીત માટે બોલાવો છો અને બીજી તરફ વિદ્યાર્થીઓ પર લાઠીચાર્જ કરો છો. કેન્દ્ર સરકારે આ આરોપો પર કોઈ પ્રતિક્રિયા આપી નથી.

### તા. ૨૧-૦૭-૨૦૨૬નું સુરત શહેરનું હવામાન

| વરસાદ (૧૮.00 કલાક સુધી) | આજનો ૧૧૭.00 મીમી | મોસમનો ૧૦૩૧ મીમી |
|---|---|---|
| ઉકાઈ | સપાટી આજની ૩૧૩.૧૦ ફૂટ | આઉટફ્લો ૮૦૦ ક્યુસેક |

| તાપમાન | મહત્તમ | લઘુત્તમ | ભેજ |
|---|---|---|---|
| | ૨૮.૪૦ સે. | ૨૫.૪૦ સે. | ૯૫% |